R.N.I.No. : 11555/1966
Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

NOVEMBER - 2017
Total - 40 Pages
Vol No. 61 Issue No.8

## આવ્યો રે મહાઓચ્છવ

આવ્યો રે મહાઓચ્છવ



## ।। શ્રી ગોકુલનાથજી ।।

।। શ્રી ગોકુલનાથ બડે મહારાજ, માલા તિલક કી રખી લાજ;
દિલ્હી પતિકો પરચો દિયો, અપનો મનોરથ પૂર્ણ કિયો. ।।

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંચાલિત

# શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગૂનવાલા)

## પુરસ્કૃત ઉપનગર વિભાગ

## દ્વિતિય પ્રોગ્રામ

# 'નવું નાટક'

**સ્થળ :** શ્રી પ્રબોધન ઠાકરે નાટ્યમંદિર, ચામુંડા સર્કલની પાસે, બોરીવલી (વેસ્ટ)

**તારીખ : ૦૪-૦૩-૨૦૧૮, રવિવાર, સમય : સવારના ૯.૩૦ કલાકે**

**ટિકીટના દર : નીચેના રૂા. ૬૦/-, બાલ્કની રૂા. ૪૦/-**

**ટિકીટનું વિતરણ : તા. ૧૮-૦૨-૨૦૧૮, રવિવારે સમય : સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાકે**

**નીચે જણાવેલ સ્થળ પરથી ટિકીટો મળશે.**

૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ :** ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, ૨જે માળે, મુંબઈ - ૪૦૦૦૦૪

૨) **વાંદરા થી ગોરેગામ : શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી :** બી-૧૨, નવશિલ્પવાની, લલ્લુભાઈ પાર્ક, વિલેપાર્લે (વેસ્ટ), મોબાઈલ : ૯૮૧૯૩૪૨૮૫૬

૩) **મલાડ થી કાંદિવલી : કોકિલાબેન હીરાલાલ પરીખ (ડાબલી)**, એ-૨૪, કૈલાશ નગર, શંકર ગલી, કાંદિવલી (વેસ્ટ), **શ્રી વસંત દેસાઈ : ૯૮૨૧૦૫૪૩૨૯**

૪) **બોરીવલી થી વિરાર : શ્રી ઉર્મિલ નવીનચંદ્ર કડકીઆ :** ૩૦૨ - શ્રી વર્ધમાન એપાર્ટમેન્ટ, સોડાવાલા લેન, બોરીવલી (વેસ્ટ), મોબાઈલ - ૯૮૧૯૧૮૩૩૭૯

ટિકીટનું વિતરણ વહેલો તે પહેલો ધોરણે થશે.

વિતરણના દિવસે ટિકીટો વધશે તો નીચે જણાવેલ સ્થળથી મેળવી લેવી.

**મયુર ટ્રેડિંગ કોર્પોરેશન : ૧૫૮/૧૬૦, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧ લે માળે, મુંબઈ – ૩**

**સંપર્ક : જીગર કડકીઆ – ૯૮૨૦૦૩૧૫૩૫**

**વધુ વિગત આવતા અંક માં પ્રકાશિત થશે.**

**મંત્રી : શ્રી ભાવેશ મોદી - ૯૮૬૯૦૮૦૨૮૭** **સંયોજક : શ્રી ઉર્મિલ કડકીઆ - ૯૮૧૯૧૮૩૩૭૯**

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૧ | ૮ | ૨૧-૧૧-૨૦૧૭ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)**
**(જુનાગઢવાળા)**
**જતીન દેસાઈ / પ્રશાંત પરીખ**
**તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ**
**મનીષા નિ. શાહ**

પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

# સૂર સાગર
## સૂરદાસને મળ્યું અલૌકિક નામ !

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

મહાપ્રભુજીએ સૂરદાસને કહ્યું,'તમારી અવિદ્યા તો દૂર જ થઈ ગઈ છે. ભગવાન જ તમારી જીભે બેસી પદો બોલાવે છે. તમે સૂરદાસ નથી, સૂર સાગર છો. લાખ શું, સવા લાખ પદો તમે રચશો ! ભગવાનને શું અશક્ય છે !

દસ વર્ષની ઉંમરે ઘર ને ગામ છોડી સૂરદાસે ચાર કોશ દૂર એક ગામ હતું ત્યાં પીપળાના ઝાડ હેઠળ મુકામ કર્યો. લોકો એના ભજન સાંભળી ખુશ થયા. એમણે એને એક ઝૂંપડી બાંધી આપી અને એના માટે ખાવાપીવાનો બંદોબસ્ત કર્યો. સૂરદાસ હવે પોતે પણ પદો રચી ગાતા, તેમાં તેમની આંતરદૃષ્ટિનું તેજ પ્રગટતું હતું. લોકો એ પદો ગાતા એનો પ્રચાર કરતા. ખ્યાતિમાં બંધાવું સારૂ નહીં એમ વિચારી તેમણે એ સ્થળ છોડી દીધું. અઢાર વર્ષના થયેલા સૂરદાસે આગ્રા-મથુરાની વચમાં યમુના કિનારે ગૌઘાટ પર એકાંતમાં રહેવા માંડયું.

થોડા દિવસ પછી મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી ગૌ ઘાટ પધાર્યા. સૂરદાસે તેમના દર્શન કર્યા ને પગે લાગ્યા. વિલાપ કરતાં સૂરદાસને મહાપ્રભુજીએ કહ્યું ભગવાનની લીલા ગાઓ! સૂરદાસે કહ્યું,'પ્રભુ, લીલાનો મને અનુભવ નથી! મહાપ્રભુજીએ કહ્યું,'હું અનુભવ કરાવું' !

પછી મહાપ્રભુજીએ સૂરદાસને **'શ્રી કૃષ્ણઃ શરણં મમ'**નો મંત્ર આપ્યો અને સર્વ કંઈ ભગવાનને સમર્પિત કરવાની રીત સમજાવી. તે પછી તેમણે ટૂંકમાં ભગવાન કૃષ્ણની બાળલીલાનું વર્ણન કર્યું. મહાપ્રભુજીના મુખે જેમ એ વર્ણન બોલાતું ગયું તેમ સૂરદાસને જાણે એ પ્રત્યક્ષ દેખાતું ગયું ! સૂરદાસનું રોમ રોમ આનંદથી

ભરાઈ ગયું એ ગાવા લાગ્યા.

**મૈયા મોરી, મૈં નહીં માખન ખાયો !**
**ભોર ભયો ગૈયનકે પીછે, મધુબન મોહિં પઠાયો,**
**ચાર પ્રહર બંસીવર ભટક્યો, સાંજ પરી ઘર આયો !**

આવા બીજાં પણ પદો તે જ ઘડીએ રચીને સૂરદાસે ગાયા, મહાપ્રભુજી એ અતિ પ્રસન્ન સ્વરે કહ્યું,'સૂર, ગાવા માટે જ તમારે જન્મ છે, ગાઓ !'

ત્યારબાદ મહાપ્રભુજી સૂરદાસને લઈને શ્રી ગોવર્ધનગિરિ પધાર્યા. ત્યાં શ્રીનાથજીનાં દર્શન કરી સૂરદાસે ગાયું !

**અબ મૈં નાચ્યો બહુત ગોપાલ !**
**કામ ક્રોધ કે પહિરિ ચોલના, કંઠ વિષયકી માલ !**

સૂરદાસે શ્રી ગોવર્ધનની સેવામાં સમય સમયનાં કીર્તનો રચી ગાવા માંડયા.

સૂરદાસની કીર્તિ સાંભળી દિલ્હીનો બાદશાહ અકબર એમનાં કીર્તન સાંભળવા મથુરા ગયો હતો, ત્યાં તેણે સૂરદાસને નિમંત્રણ આપી બોલાવ્યાં ને એમનાં કીર્તન સાંભળ્યા. સાંભળીને ખુશ થઈ ગયો. એણે કહ્યું ! સૂરદાસ કંઈ માગો !

સૂરદાસે કહ્યું,'એટલું માગું છું કે ફરી કદી મને બોલાવતા નહિ.'

એકવાર સૂરદાસ ગોકુલમાં હતા. તેવામાં કેટલાક ગોસ્વામી બાળકોને થયું કે સૂરદાસ આંખે દેખતા નથી અને ઠાકોરજીની શોભાનું વર્ણન કેવી રીતે કરતા હશે ? કલ્પનાથી જ કરતા લાગે છે. તેથી તેમની પરીક્ષા કરવા એક દિવસ તેમણે ઠાકોરજીને કંઈ વસ્ત્ર પહેરાવ્યા જ નહિ, ને સૂરદાસને કહ્યું,'સૂરદાસજી, આજે ઠાકોરજીની શોભાનું વર્ણન કરો. !'

સૂરદાસે કીર્તન શરૂ કર્યું

**દેખી રી હરિ નંગમનંગા !**
**જલસુત ભૂષન અંગ બિરાજત,**
**બસ નહીન છબિ ઉઠત તરંગા !....**

સાંભળીને બધા સ્તબ્ધ થઈ ગયા. સૌને ખાતરી થઈ ગઈ કે સૂરદાસને પ્રભુકૃપાએ અપાર્થિવ દૃષ્ટિનું દાન કર્યું છે. આનું નામ પ્રજ્ઞાચક્ષુ. સૂરદાસ પોતે કહે છે : જે આંખમાં ભગવાન વસ્યા, એ આંખે ભગવાન સિવાય બીજું દેખાય જ નહિં અને પ્રભુ પણ હંમેશ સૂરદાસની સાથે રહ્યા છે. મદદગાર બન્યા છે. ઉગારી પણ લીધા છે.

એંશી વર્ષની વયે એક જણાની ટીકાના જવાબમાં સૂરદાસે મહાપ્રભુજી માટે એક પદ રચ્યું.

**'ભરોસો દૃઢ ઈન ચરનન કેરો !....**

શ્રી વલ્લભના ચરણનો મને દૃઢ ભરોસો છે. શ્રી વલ્લભના ચરણના નખનો પ્રકાશ ન થયો હોત તો દુનિયામાં બધે અંધારુ જ હોત ! આ કળિકાળમાં એનો જ એકમાત્ર આશરો છે. એ વિના ફળ સિધ્ધિનો બીજો ઉપાય નથી. જે ભગવાને અને આચાર્યને જુદા સમજે છે તે બેવડો આંધળો છે. સૂરદાસે કહે છે,'હું એવો આંધળો નથી, હું તો એમનો વિનામૂલ્યનો (અશુલ્ક) દાસ છું.'

સૂરદાસની જીવનભરની સાધનાનો આ અર્ક છે.

જીવનની છેલ્લી પળ સુધી તેમણે કીર્તન રચ્યાં ને ગાયા છે.

❖❖❖

# SHREE BALASINOR NAVYUVAK SANGH ORGANIZE

## SMT. MANORAMABEN HASMUKHLAL DHARIA (SURATWALA) SPONSOR

## M. H. DHARIA BPL T20 2017-18

**The Team owners & Team Names are as follows:**

1. Dr. Ketan Madhusudan Desai & Shri Sachiv Chandrakant Parikh - M.C.C.
2. D.C.C – D.C.C.
3. Shri Parimal Rajnikant Shah & Shri Tejas Indravadan Shah – APEX WONDER BOYS.
4. Shri Bhavik Rajesh Dharia – P. R. CHALLENGERS

All the matches will be played at CENTRAL RAILWAY CRICKET GROUND, PAREL on the dates given below.

**BPL T20 Cup Sponsor:**

Smt. Manoramben Hasmukhlal Dharia (Suratwala) Haste Shri Alpesh Yogendra Dharia

**League matches :**

2018 January 21, 27 & 28, February 11, March 4 & 11

**Final Match:- 2018 March 18**

Forms for M.H.DHARIA BPL T20 have to be filled & submitted to any of the below 3 offices.

Those interested in playing the tournament have to fill the forms personally. The rules & regulations which will be handed over to them at the time of accepting the entries form.

Those born after 31st December 2001 are eligible to fill the forms.

The fees for playing the entire tournament is Rs. 3000.00 which will comprise of six matches and Final if you reach.

Last date for filling the forms is 30th Nov 2017.

Please read the rules & regulations properly before filling the forms.

1) **SHREE BALASINOR NAVYUVAK SANGH :-** 118/120, Ardeshardadi Street, 2nd floor V.P.Road, Mumbai - 400004
2) **Sanjiv Dharia :-** M/s. Matchwell Electic Co., Ground Floor, C Block, Bhangwadi, Mumbai – 400002. Mobile : 9699331333
3) **Kinjal Parikh :-** M/s. Vijay Trading Co., 151, Narayan Dhuru Street, First Floor, Mumbai – 400003. Mobile : 9820815584

Shri Bhavesh Modi
**Secretary**

Shri Kartik Kadakia
**Chairman**

Shri Jigar Kadakia
**Co-Ordinator**

Shri Alpesh Dharia
**Advisor**

Shri Sanjiv Dharia
**Convener**

# SHREE BALASINOR NAVYUVAK SANGH

**Organize**

**Smt. Manoramaben Hasmukhlal Dharia (Suratwala)**

**SPONSOR**

**JANSATHI CRICKET TOURNAMENT 2017-18.**

**MATCH DATES: 14TH OCT 2017, 22ND OCT 2017, 28TH OCT 2017, 4TH NOV 2017, 11TH NOV 2017 & 18TH NOV 2017.**

**4 TEAMS FOR THE JANSATHI CRICKET TOURNAMENT 2017-18 ARE AS BELOW:**

| TEAM: APEX WONDER BOYS | TEAM: DCC | TEAM: MCC | TEAM: P R CHALLENGERS |
|---|---|---|---|
| 1. NIRAV DESAI (C) | 1. ASHWIN KARKERA (C) | 1. SAHIL DESAI (C) | 1. APURV DHARIA (C) |
| 2. TEJAS SHAH (VC & WK) | 2. JIGAR PARIKH (VC) | 2. KINJAL PARIKH (VC) | 2. RIKIT MODY (VC) |
| 3. DEVAL MEHTA | 3. SAMIR DESAI | 3. SANJIV DHARIA | 3. BHAVIK DHARIA |
| 4. MITESH PARIKH | 4. SUKETU PARIKH | 4. DHRUVIN KADAKIA | 4. SAMIR MODY |
| 5. DHARAV PARIKH | 5. SHAMIK SHAH | 5. CHIRAG DESAI | 5. ANAND SHROFF |
| 6. KAVISH KADAKIA | 6. MITESH DHARIA | 6. SHITEN KADAKIA | 6. UTSAV MODY |
| 7. JAY DOSHI | 7. MITEN PARIKH | 7. RITESH KADAKIA | 7. THAKUR ASSEM |
| 8. ARPIT DHARIA | 8. SOMIL DHARIA | 8. DHARAV PARIKH | 8. CHINTAK PARIKH |
| 9. TIRTH DESAI | 9. CHIRAG DESAI | 9. SANIL DESAI | 9. KANISHQ PARIKH |
| 10. AAYUSH PARIKH | 10. RIPAL PARIKH | 10. VISHAL JARIWALA | 10. AMAN KADAKIA |
| 11. ROHAN DHARIA | 11. CHIRAG PARIKH | 11. PANKAJ KADAKIA | 11. SOHIL DESAI |
| 12. ROHAN DESAI | 12. ARYAN PARIKH | 12. VISMAY CHOKSI | 12. SACHIN MEHTA |
| 13. ANKUR PARIKH | 13. DARSH MODY | 13. VIVEK GUPTA | 13. JIMISH DESAI |
| 14. NIHAR KADAKIA | 14. DEVANG PARIKH | 14. RONAK DHARIA | 14. RUPESH MODY |
| 15. PARTH DHARIA | 15. PURAV PARIKH | 15. NISHIT PARIKH | 15. KARAN PARIKH |
| 16. CHETAN KADAKIA | 16. RUCHIT DOSHI | 16. NILPESH MODI | 16. NIRAV JHAVERI |
| 17. PRITESH THAKKAR | 17. KUNAL DHARIA | 17. JIMISH KADAKIA | 17. MITUL PARIKH |
| | 18. CHIRAYU PARIKH | | |

# ૬૬મા રસોત્સવના મુખ્ય મહેમાનનું વિમોચન અને વિચારો



શ્રી પંકજભાઈ ધારીઆ (લાલખા)

અત્રે પધારેલા સર્વે બાલાસિનોરવાસીઓનું સ્વાગત કરું છું તથા નવા વર્ષની શુભેચ્છા પાઠવું છું.

નવયુવક સંઘની વિવિધ ઈન્ડોર અને આઉટડોર પ્રવૃત્તિઓથી આપણે સૌ વાકેફ છીએ. સંઘ ક્યાં નથી એ શોધી કાઢવું આપણા સૌ માટે મુશ્કેલ કાર્ય નથી.

છતાં મારું એક નમ્ર સૂચન છે જે આપ સૌ સમક્ષ રજુ કરું છું.

આપણી જ્ઞાતિના યુવાનો તથા આંત્રપેન્યોર એ આપણી એસેટ છે. આપ જોઈ શકો છો આમાનાં કેટકેટલાય તેમનાં પોતાના ફીલ્ડમાં એક આગવું સ્થાન ધરાવે છે.

લીસ્ટ ઘણું લાંબુ છે પરંતુ બે-ત્રણ ઉદાહરણ તમારી સમક્ષ રજુ કરતાં આનંદ અનુભવું છું.

૧) Mrs. Pinky Atul Mehta જેઓ શ્રી જગદીશભાઈ રમણીકલાલ ધારીઆની સુપુત્રી છે. છેલ્લા ૨૦ થી પણ વધુ વર્ષોથી આદિત્ય બિરલા ગ્રુપ સાથે સંકળાયેલા છે અને હાલમાં તેઓ આદિત્ય બિરલા કેપીટલમાં CFO ની પોસ્ટ ધરાવે છે.

૨) ચિ. દર્શના કડકીઆ મુરબ્બી શ્રી રસિકલાલ ચંદુલાલ કડકીઆ (મરઘા) ની સુપુત્રી છે. દુનિયાની નામાંકિત Audit કંપનીઓમાં આગવું સ્થાન ધરાવતી M/s. Grant Thornton માં પાર્ટનર છે તથા Merger Aquisition અને Valuations માં ખૂબ જ બહોળો અનુભવ ધરાવે છે.

આપ સૌની જાણ ખાતર હાલમાં જ Vodafone અને Idea Telecommunications નું મર્જર થઈ રહ્યુ છે. તેમાં તેઓએ ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવી છે.

૩) Shri Kunal Kadakia જેઓ શ્રી Precision Plastic Industries ના માલિક છે. આ કંપનીનું ટર્નઓવર રૂા. ૩૦૦ કરોડથી પણ વધુ છે.

ઉપર મુજબ જે નામો રજૂ કર્યા છે તેનાં જેવી ઘણી બધી વ્યક્તિઓનું લીસ્ટ બનાવીએ તો આપણને ખ્યાલ આવશે કે આપણે ત્યાં જ્ઞાનનાં ભંડારની કોઈ ખોટ નથી. પણ તેમાંથી આપણે કેટલું મેળવી શકીએ છીએ તે આપણા માટે વધુ અગત્યનું છે.

તો મિત્રો આપણે સૌ થોડો પ્રયત્ન કરી આવી વિરલ વ્યક્તિઓને એક Plateform આપી શકીએ અને તેઓએ પોત પોતાનાં ફીલ્ડમાં જે કાંઈ મેળવ્યું છે, Achieve કર્યું છે, તેનાં લાભ આપણી જ્ઞાતિનાં બીજી યુવાનો માટે માર્ગદર્શન તથા આશીર્વાદરૂપ થઈ શકે તો તે આપણા માટે એક મોટી સિધ્ધિ સાબીત થશે.

અત્યારે આપણી ગવર્મેન્ટ તરફથી NSME Micro Small & Medium Enterprise તથા નવા Start Up ને ખૂબ જ પ્રોત્સાહન મળી રહ્યું છે. આ આખી Policy સમજી આપણે આપણી ઉગતી પેઢીને Finance તથા Technology ક્ષેત્રે કોઈ NBFC નોન બેંકીગ ફાઈનાન્સ કંપની સાથે Tie UP કરી ઘણી બધી મદદ કરી શકીએ છીએ.

ઉપરનાં મારા વિચારોને સમજી અને અમલમાં મૂકવા મારું શ્રી બાલાસિનોર નવયુવક સંઘને નમ્ર સૂચન છે.

અંતમાં આજનાં રસોત્સવમાં મને મુખ્ય મહેમાનનું આમંત્રણ આપવા બદલ હું મારા સમગ્ર લાલખાં અને દેવ ફેમીલી તરફથી શ્રી બાલાસિનોર નવયુવક સંઘ, પ્રમુખ શ્રી સૌમીલભાઈ મોદી તથા અન્ય હોદ્દેદારો અને સમગ્ર કમીટીનો આભાર વ્યક્ત કરું છું.

**Thank You Very Much to All.**



શ્રી જતીન નવનીતલાલ દેસાઈ ના જે જે શ્રી ગોકુલેશ

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત વાર્ષિક રસોત્સવ
# ૬૬મો વાર્ષિક રસોત્સવ અહેવાલ

આ વર્ષે શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા સંચાલિત શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (ધરીવાલા) પુરસ્કૃત ૬૬મો વાર્ષિક રસોત્સવમાં આ વર્ષ શ્રી પંકજભાઈ કાન્તીલાલ ધારીઆ (લાલખા) જેવા મુખ્ય મહેમાનનો સાથ મળ્યો. તે સાથે સંસ્થાના સંયોજક શ્રી સુનીલ નવીનચંદ્ર મોદી (ઠાસરાવાલા) એ એમની સંપૂર્ણ ટીમ સાથે આ આયોજનને સાર્થક કર્યું.

તા. ૫.૧૧.૨૦૧૭ રવિવારના રોજ સવારથી બીરલા માતુશ્રી સભાગૃહના પ્રાંગણમાં સંસ્થાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ વેસ્ટર્ન વસ્ત્રમાં સજ્જ થઈ પ્રવેશદ્વાર ઉપર વડિલો, શ્રોતાઓએ મુખ્ય મહેમાન શ્રી પંકજભાઈ કાન્તીલાલ ધારીઆ (લાલખા) તેમના ધર્મપત્ની શ્રીમતી દીપીકાબેન અને તેમા કુટુંબીજનો તથા સંઘની ક્રિકેટ એક્ટીવીટી માટે રૂા. ૧૧,૦૦,૦૦૦ (રૂપિયા અગીયાર લાખ)નું માતબર દાનનું વચન આપનાર શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીઆ (સુરતવાલા) હસ્તે શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ અને તેમનો પરીવાર તથા આપણા માજી પ્રમુખ શ્રી કલ્પેશભાઈ સુરેશભાઈ ધારીઆ (બલબલ) અને તેમના પરીવારનું સ્વાગત કર્યું હતું.

પ્રવેશદ્વાર ઉપર આવનાર દરેક શ્રોતાઓને કાર્યકર્તા દ્વારા સુંદર સોવીનીયર આપવામાં આવ્યું હતું. આ સોવીનીયરમાં સંઘની વિવિધ પ્રવૃત્તીઓનો દાતાઓના નામ વર્ષ ૧૯૫૧ થી અત્યાર સુધીના સંયોજક અને મુખ્ય મહેમાનની યાદી આપવામાં આવી હતી. તેમાં મુખ્ય મહેમાનનો પરિચય આપવામાં આવ્યો હતો. તે સાથે સહુને કાજુપૂરી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમનું સંચાલન શ્રીમતી બીજલ અનીષ ગાંધીએ કર્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં આપણા ગામની બહેનો શ્રીમતી સોહીનીબેન કડકીઆ, શ્રીમતી અલ્પા કડકીઆ, શ્રીમતી દર્શના પરીખ અને શ્રીમતી અલ્પા મોદીએ મંગલાષ્ટક ગાઈને શરૂઆત કરી હતી.

ત્યારબાદ આપણા કાર્યક્રમ સદાબહાર ગાને (રોમેન્ટિક સોંગ) મનીષ જોષી દ્વારા રજુઆત કરવામાં આવી હતી. તે સૌ પ્રેક્ષકોએ માણી હતી.

મધ્યાંતર પછી મંત્રી શ્રી ભાવેશ મોદીએ પોતાના વક્તવ્ય દ્વારા સૌનું સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ શ્રી રજનીકાંત કાન્તીલાલ કડકીઆનું ચોકલેટ બુકે દ્વારા શ્રીમતી અલ્પા મોદી અને તેમના ધર્મપત્ની શ્રીમતી ઈન્દીરાબેનને ચોકલેટ બુકે શ્રીમતી રીટા ગાંધીએ અર્પણ કર્યો હતો.

ત્યારબાદ મુખ્ય મહેમાનને શાલ મંત્રીશ્રી ભાવેશ મોદી અને મોમેન્ટો પ્રમુખશ્રી સૌમીલ મોદીએ અપર્ણ કરી બહુમાન કર્યું હતું.

તેમની પત્ની શ્રીમતી દીપીકાબેનનું સન્માન ચોકલેટ બુકે દ્વારા ઉપપ્રમુખ શ્રી સમીર ગાંધીએ કર્યું હતું.

મુખ્ય મહેમાનના પુત્ર શ્રી શૈશવ ધારીઆએ બુકે સહમંત્રી શ્રી અલ્પેશ ધારીઆ અને તેમની પુત્રવધુ શ્રીમતી શીતલ ધારીઆને બુકે સહમંત્રી શ્રી જીગર કડકીઆએ અર્પણ કર્યું હતું.

બીરલા આયોજક શ્રી જયેશભાઈનું સન્માન ખજાનચી શ્રી જતીન કોટીયાએ કર્યું હતું અને ઓર્કેસ્ટ્રાના આયોજક શ્રી મનીષ જોષીનું સન્માન શ્રીમતી અલ્પા કડકીઆએ કર્યું હતું. ત્યારબાદ મુખ્ય મહેમાને તેમનું મંતવ્ય રજુ કર્યું હતું.

પ્રમુખશ્રીએ સમારંભને સંબોધન કર્યું હતું અને ઉપસ્થિત સર્વનો આભાર માન્યો હતો અને મુખ્ય મહેમાન થવા બદલ બીરદાવ્યા હતા અને જાહેરાત કરી હતી કે તેમને આ પ્રસંગે રૂા. ૧,૫૦,૦૦૦ (દોઢ લાખ)

નું માતબર દાન આપ્યું છે અને સૌ શ્રોતાઓને કાજુ પુરી આપી હતી.

ત્યારબાદ સંસ્થાની ક્રીકેટ એક્ટીવીટી સ્કીમ માટે રૂા. ૧૧,૦૦,૦૦૦ (અગીયાર લાખ)નું માતબર દાનનું વચન આપનાર શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીઆ (સુરતવાલા) ને સંસ્થાના પ્રમુખ શ્રી સૌમીલ મોદીએ તેમનું બુકે દ્વારા સત્કાર કર્યું હતું.

ત્યારબાદ આપણા માજી પ્રમુખ શ્રી કલ્પેશભાઈ સુરેશભાઈ ધારીઆ (બલબલ) ને શાલ દ્વારા મંત્રીશ્રી ભાવેશ મોદીએ સન્માનીત કર્યા હતા. સંસ્થાના પ્રમુખ શ્રી સૌમીલ મોદી અને મંત્રી શ્રી ભાવેશ મોદીએ મોમેન્ટો અપર્ણ કર્યા હતા. સંસ્થાના હોદ્દેદારો, હોનરરી મેમ્બર અને મુખ્ય મહેમાન શ્રી પંકજભાઈએ માજી પ્રમુખને પ્રશસ્તિ પત્ર અર્પણ કર્યો હતો.

પ્રમુખશ્રી સમયના અભાવે બહુ ટુંકાણમાં અને સુંદર મંતવ્ય રજુ કર્યો હતો. તે સૌ એ વધાવી લીધો હતો.

ત્યારબાદ સંયોજક શ્રી સુનીલ મોદીએ તેમનું મંતવ્ય રજુ કર્યું હતું.

અંતમાં સંઘના સહમંત્રી શ્રી અલ્પેશ ધારીઆએ આભાર વિધિ કરી હતી.

આપણા સ્પીકર તરીકેની જવાબદારી સ્વિકારવા માટે સંઘ શ્રીમતી બીજલ અનીષ ગાંધીનો આભાર વ્યક્ત કરે છે.

સત્કાર સમારંભ દરમ્યાન આપણાં મુખ્ય મહેમાનની જુની યાદો આપણા માજી પ્રમુખનું સાત વર્ષનું કાર્યક્ષેત્ર અને શ્રીમતી મનોરમાબેનના ફોટાને સુંદર Power Point Presentation બનાવવામાં અને રજુ કરવામાં શ્રીમતી જલ્પા કલ્પેશ ધારીઆનો આભાર માને છે.

ત્યારબાદ સૌ એ મનીષ જોષી નિર્મિત **'સદાબહાર ગાને'** ના રમઝટની મજા માણી હતી.

**મંત્રી - શ્રી ભાવેશ મોદી**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

ઉપરોક્ત મહિલા વિભાગ દ્વારા જાન્યુઆરી મહિનામાં પિકનીકનું આયોજન કરવામાં આવ્યું છે.

**સ્થળ : આયુષ રીસોર્ટ**

**તારીખ : ૧૯-૧-૨૦૧૮, શુક્રવાર**

પિકનિકમાં આવવાની ઈચ્છા ધરાવનાર બહેનોએ રૂા. ૮૦૦/- આપી પોતાના નામ સંયોજકને અથવા કમિટી બહેનોને તારીખ ૭ મી ડિસેમ્બર પહેલા લખાવી દેવી વિનંતી.

## સ્નેહ સંમેલન

મહિલા વિભાગ દ્વારા તારીખ ૮મી નવેમ્બર બુધવારે ભારતીય વિદ્યાભવન ખાતે દિવાળી સ્નેહ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના મુખ્ય મહેમાન શ્રીમતી દેવસ્મિતાબેન નટવરલાલ શાહ હતા. નિલેશ ઠક્કરની સાઝ ધ બીટ્સ ઓર્કેસ્ટ્રાએ સૌ બહેનો સુંદર ગુજરાતી ગીતો ગાઈ આપણા મલકમાં લઈ ગયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ગીતોનું લીસ્ટ બહેનોને આપવામાં આવ્યું હતું. તેમાં તેમણે પોતાનું નામ લખી તેમની ફરમાઈશનું ગીત સિલેક્ટ કરી પેપરને લકી ડ્રો માટે બોક્સમાં નાંખવાનું હતું. લકી ડ્રો કરી ૩૩ બહેનોને ઈનામ આપવામાં આવ્યા હતા. આવનાર બહેનોને ગીફ્ટમાં ટપરવેરના ગ્લાસ આપવામાં આવ્યા હતા. સૌ બહેનોએ નિલેષભાઈ ઠક્કર, પ્રીતિબેન સાવલા તથા એન્કર સુનીલભાઈ સોનીને ખૂબ જ શાંતિથી સાંભળ્યા હતા અને આનંદપૂર્વક માણ્યા હતા. કાર્યક્રમને અંતે સૌને નાસ્તાના બોક્સ તથા અમૂલ મિલ્કની બોટલ આપવામાં આવી હતી. મહિલા વિભાગ મુખ્ય મહેમાન શ્રીમતી દેવસ્મિતાબેન તથા તેમના કુટુંબીજનોના હૃદયપૂર્વક આભાર માને છે.

**મંત્રી - ભાવેશ મોદી**

**સંયોજક - અલ્પા કડકીઆ - ૯૮૧૯૬૨૯૦૬૨**

✤ ✤ ✤

**જીવનમાં તમે કોને મળશો તે**
**સમય પર આધાર રાખે છે**
**પણ સમય જતાં**
**તમારી સાથે કોણ રહેશે,**
**તે તમારા પર આધાર રાખે છે**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ પરીખ (બખલી) પુરસ્કૃત

## વસ્તી પત્રક અંગે અગત્યની જાહેરાત

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી આ વર્ષે વસ્તી પત્રકની ૧૧મી આવૃત્તીનું અંગ્રેજીભાષામાં પ્રકાશન આપ સૌના સાથ સહકારથી કરવાનું નક્કી કરેલ છે. આ અંગેની જાહેરાત અને તે અંગેના ફોર્મ દરેક જણને જ્યોતીપુંજ માધ્યમ દ્વારા મોકલવામાં આવ્યા છે. છતાં જે વ્યક્તિને ફોર્મ ન મળ્યા હોય તેઓ નીચેના સ્થળેથી ફોર્મ લઈ વહેલી તકે ભરી આપવા વિનંતી જેથી આ કાર્ય સફળતાથી પાર પડે.

બીજું આપણી છોકરી બહારની નાતમાં પરણી હોય તો તેનું અલગ ફોર્મ ભરવા વિનંતી તથા તેમા તેના પિતાનું નામ લખવું જરૂરી છે.

ફોર્મ સ્વીકારવાની આખર તારીખ ૩૧-૧-૨૦૧૮ નક્કી કરવામાં આવી છે. પણ છેલ્લી તારીખની રાહ ન જોતા વહેલી તકે ફોર્મ ભરી આપવા વિનંતી.

ફોર્મ ભર્યા બાદ આપના કુટુંબમાં મરણ, લગ્ન અને કોઈપણ વિગતમાં ફેરફાર હોય તો તે અંગેનું બીજું ફોર્મ ન ભરતા તેની જાણ લેખીતમાં સંયોજકને જણાવવામાં આવતા તેનો અમલ કરવામાં આવશે.

જ્યોતિપુંજમાં મોકલાવેલ ફોર્મની ઝેરોક્ષ કોપીવાળા ફોર્મ તમે ભરીને આપશો તો પણ ચાલશે

**ફોર્મ ભરીને નીચેના સ્થળોએ આપવા.**

| | | | |
|---|---|---|---|
| 1. | Shree Balasinor Navyuvak Sangh | Mumbai | 022 23887006 |
| 2. | M/s. Shailesh Tools & Hardware Mart | Shri Saumil Mody | 9920213426 |
| 3. | M/s. Bharat Asbestos & Rubber Co. | Shri Alpesh Dharia | 9833867601 |
| 4. | M/s. Nikoshi Trading Co. | Shri Samir Gandhi | 9821234306 |
| 5. | Shri Ajay Pravinchandra Doshi | Andheri | 9819342856 |
| 6. | Shri Kamlesh Chandrakant Doshi | Malad | 9004621062 |
| 7. | Shri Vasant Natverlal Desai | Kandivali | 9821054329 |
| 8. | Shri Tejas Hemendra Shah | Borivali | 9324350735 |

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી** **સંયોજક : શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

# SHREE BALASIN

**ELEVENTH EDITION**

SPONSORER : SMT. MAN

| LIFE MEMBERSHIP NO. | | Kindly Tick If | Out Of |
|---|---|---|---|

| VASTI PATRAK NO. | KHIJ | COUNTRY |
|---|---|---|
| | | |

**FAMILY**

| Title Mr. Mrs. Etc | SURNAME | FIRST NAME | MIDDLE NAME | MOBILE NO |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

**ADD**

| | RESIDENCE ADDRESS | |
|---|---|---|
| NAME | | |
| Bldg. | | |
| Street | | |
| Floor | | |
| | | |
| | | |
| City | | |
| Pin Code | | |
| Tel No. | | |
| Email | | |
| Website | | |

ADDRESS FOR CORRESPONDANCE( SPECIFY RESIDENCE/OFFICE)

FILL SEPARATE FORM FOR OUT CASTE MARRI

FORMS DULY FILLED UP SHOULD BE SENT ON OR BEFORE 31st January 201

NOTE :-
- Form must be filled in capital letters with good handwriting.
- Married son has to fill up a separate form.
- You can email duly filled form by email on bnssangh@gmail.com. Forms car

| Shri Alpesh Yogendra Dharia (Suratwala) | Shri Bhavesh Bipin Modi (Thasarawala) | Shri Saumil |
|---|---|---|
| 9833867601 | 8879422304 | 99202134 |
| CONVENER / JT. SECRETARY | SECRETARY | PRESID |

# OR NAVYUVAK SANGH

**- VASTIK PATRAK - 2018**

JULABEN NAVNITLAL PARIKH (BAKHALI)

| India ☐ | Out of Station ☐ | Out Caste ☐ |
|---|---|---|

| | CITY | Father's Name If Out Caste |
|---|---|---|
| | | |

DETAILS

| | BIRTH DATE | EDUCATION | OCCUPATION | Blood Group* | EMAIL ID |
|---|---|---|---|---|---|
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |
| | | | | ☐ | |

RESS     * Tick if one can donate blood

**OFFICE ADDRESS**

| OFFICE 1 | OFFICE 2 |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |

IED DAUGHTER'S WITH FATHER NAME & KHIJ

S

n be download from www.balasinor.org.

| Jitendra Mody<br>26<br>ENT | SIGNATURE |
|---|---|

# લાગણીશીલ માજી પ્રમુખ શ્રી કલ્પેશભાઈ ધારીઆનું રસોત્સવ પ્રસંગે સંબોધન

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના પ્રમુખ શ્રી સૌમિલભાઈ જેમનો આજે જન્મદિવસની ખૂબખૂબ વધાઈ તથા આજના મુખ્ય મહેમાન અને મારા સ્નેહીજન પંકજભાઈ તથા તેમના ફેમીલી મેમ્બર્સ અત્રે બિરાજમાન સંઘના પદાધિકારીઓ, વડિલો અને મિત્રો આજે મારે માટે Thanks Giving Day છે.

નવયુવક સંઘ સાથેની મારી સફર રંગભવનથી શરૂ થઈ અને ૧૯૮૫ થી C.A. ની Book સંસ્થામાંથી લઈ ભણીને CA થયો. ત્યારબાદ મારા ગુરુ વંસતકાકાના કહેવાથી ૧૯૯૨માં સંઘમાં ખજાનચી તરીકે જોડાયો અને મારા બીજા ગુરુ આર.કે.કાકા.ના સંપર્કમાં આવ્યો. આજ રોજ મારા બેઉ ગુરુઓ સાથે પી.એમ.ધારીઆ (પ્રવિણકાકા-સીએ)ને હું પ્રણામ કરુ છું.

મારી Last One Day Meeting માં જેમને પણ મને છેલ્લા સાત વર્ષમાં મદદ કરી એ બધાનો નામ સાથે ઉલ્લેખ કર્યો હતો. પાત્ર અમુક નામો મારી ફરીથી ઉલ્લેખવા છે. સંઘના મારા ત્રીજા ગુરુ પ્રદિપભાઈ, સૌમિલ, ભાવેશ, સમીર, નિકેશના સહારે હુ ૨૦૧૦માં President થઈ શક્યો એ બદલ તેઓનો ખુબ ખુબ આભાર. આમાથી બે જણ એટલે કે સૌમિલ અને ભાવેશના હાથે મારુ આજે સન્માન થયુ એ બદલ હું મારી જાતને ભાગ્યશાળી માની રહ્યો છું.

આજે જેટલા પણ આમંત્રિત મહેમાનોને મે બોલાવ્યા છે તે સૌનો ખુબખુબ આભાર કે જેમને લીધે હું જિંદગીમાં ડગલે ને પગલે અને કપરા સંજોગો પણ હું આગળ વધી શક્યો છું. આવા સ્વજનોને લીધે જ હું માનું છું કે

**ઐસે હો હમારે કરમ**
**નેકી પર ચલે ઓર બદી સે ટલે**
**તાકી હસતે હુએ નિકલે દમ**

આજની મારી સાત વર્ષની કારકિર્દીનું Power Point Presentation જોઈ મારી આંખ સામે સંઘના છેલ્લા સાત વર્ષ મારા માનસપટ પર ફરી રહ્યા છે. અને મને ચારે પ્રમુખપદ પર છું અને હવે હતો અનુભુતિ થઈ રહી છે. મારા સાત વર્ષની કેટલીક યાદગાર ક્ષણો એટલે કે આપણા ગામની કોલેજ અને સ્કુલમાં મારા હસ્તક થયેલ ધ્વજવંદન, ચલો બાલાસિનોરનું આયોજન પી.કે. કાકા હસ્તક પ્રિયજને હોલ માટે બાલાસિનોરના ઈતિહાસમાં પ્રથમ વખતે રૂા. ૧ કરોડના માતબર દાનનું વચન સ્વર્ગવાસી પી.પી.કાકા, મનુકાકા અને કૌશિકભાઈ ચોકસી સાથેને મારા સંસ્મરણો, બાલાસિનોરમાં અજાણ્યા માણસનું મને કહ્યું,'અમે તમારા ઋણી છીએ. કંઈ પણ કામ હોય તો જીંદગીભર તમારા માટે હાજર છું.' આ બધુ મને વાગોડવાનુ ઘણી વખત મન થાય છે. જે લાગણી, હૂંફ અને પ્રેમ મને મારી સફર દરમ્યાન મળ્યાં છે એ જોઈને હું વિચારું છું કે,

**હમ ના સોચે હમે ક્યા મિલા હે**
**હમ યહ સોચે કિયા ક્યા હે અર્પણ**

સંઘનું કોર્પસ છેલ્લા સાત વર્ષમાં ડબલ થઈ ગયું છે અને છેલ્લા બે વર્ષથી કમીટી મેમ્બર્સના સાથ સહકારથી AGM Report બધાને Email ની Link દ્વારા Soft Copy મોકલીને સંઘનો AGM ખર્ચ લગભગ રૂા. ૧૦૦૦/- થી રૂા. ૧૫૦૦/- સુધી લઈ આવ્યા છે. મારુ માનવું છે કે આવા Hon. Objective Effenses પાછળ સંસ્થાના કોર્પસનું વ્યાજનો વેડફાટ કરીને આપણે આપણા જ ભાઈબહેનોને Education અને Medical માટે વધારે મદદ કરી શકશું.

માટી સંપ કરે ત્યારે ઈંટ તૈયાર થાય છે અને જ્યારે ઈંટો સંપ કરે ત્યારે દિવાલ બને છે. તેજ રીતે સંઘના કમીટી મેમ્બરોએ જ્યારે પણ સંઘમાં કાંઈપણ Crises આવી Teamwork થી કામ કરી મારામાં વિશ્વાસ મૂકીને સંસ્થાને શિખર પર પહોંચાડી છે.

એમા આ પુરૂષાર્થ અને મારામા વિશ્વાસ મુકવા બદલ હું એમનો સદા ઋણી રહી છેલ્લા સાત વર્ષમાં મારા Ex અને આજના Curent Office Beress જોડે


શ્રી નીતીન રસીકલાલ ગાંધી (લોઢાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

ઘણું લડયો, રડયો છું અને ખુશીઓને Cheers કર્યું છે.

હવે ભવિષ્યની વાત કરીએ તો જે રીતે Legal Complication વધી રહ્યા છે. કાર્યકર્તાઓની અછત થઈ રહી છે ત્યારે મને લાગે છે કે આપણે નજીકના ભવિષ્યમાં સંસ્થાઓની જુબલી ધૂમધામથી ઉજવી શકશું પણ જો બધી સંસ્થાઓને મર્જ નહી કરીએ તો આ જ્યુબલીઓ પછીની Silver Jubilee કદાચ આપણે ઉજવી શકીશું પણ પછીના ૨૫ વર્ષની ઉજવણી માટે No. Comments.

મારૂ તો માનવું છે કે નવયુવક સંઘે પણ બીજી સંસ્થાઓ જોડે મર્જ થવાની જરૂર છે. મારું તો એવું માનવું છે કે આપણા ગામના જેટલા આપણા મંદિરો છે, KMG Hospital, કેળવણી મંડળ તથા વિદ્યા મંડળ જેવી સંસ્થાઓએ પણ મર્જ માટે વિચારવું જોઈએ. એટલે જ આપણે બધા ચાલો ભેગા થઈને એવુ આયોજન કરીએ કે આવનારી પીઢીઓ આપણને યાદ કરે નહિતર તો

**'મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ,**
**આંગળી જળમાંથી નિકળીને જગ્યા પૂરાઈ ગઈ'**

હું આ સાત વર્ષમાં હું કાંઈ હાંસલ કરી શક્યો એ બદલ હું મારા Partner C.A. Hitesh જે અત્રે હાજર છે અને મારા Office Staff નો પણ આભાર માનું છું કારણ તેમના સહકાર વગર આ શક્ય નોતુ.

અત્રે ઉપસ્થિત CA રાજેશભાઈ કડકીયાનો પણ ખૂબ આભાર. કારણ એમની સલાહ ન મળત તો મે CA છોડી દીધુ હોત.

મારા બેઉ ધનિષ્ઠો વડિલ મિત્રો મનોજભાઈ તથા અમરિષભાઈ કચેરીયા, ડૉ. સંજય દેસાઈ, બીપીનભાઈ ગાંધી તથા તુષારકાકાનો પણ ખૂબ ખૂબ આભાર. જે હંમેશા મારી પડખે ઉભા રહી મને સારુ પીઠબળ પુરુ પાડયું છે.

અત્રે હાજર રહેલ મારા CA મિત્રો, વિજયભાઈ જેમને હું મારા Father Figure કહુ છું. ધવલભાઈ રાજા, રજત આ બધાને લીધે જ હું મારી CA ની Practice માં Selfrespect Acedemic અને Authentically practice કરી શક્યો છું. Thanks તમને મારા તરફથી

મારી ફેમીલી માટે શું કહું

મારો મોટોભાઈ દક્ષેશ - અમારા ઘરનો શ્રવણ. હંમેશા ઓછુ બોલે અને હંમેશા મને કહે કલ્પેશ તુ જે પણ કરે તો સરસ જ કરજે અને એનું આજ Encouragment મારા માટે ઘણી મોટી વાત છે.

મારો નાનો ભાઈ રૂપેશ જેણે જીવનના ૧૭મા વર્ષથી નોકરી કરી મને C.A. બનાવ્યો. એ જો મારી જિંદગીમાં ન હોત તો મને ખબર નથી હું શું કરતો હોત. મારા પપ્પા મરજાદીના પુત્ર હોવા છતાં ભાગ્યે જ મંદિરમાં જાય છે પણ ગીતાજીના પ્રખર અભ્યાસુ છે. એમના સારા કર્મ કરવાની ભાવનાના સંસ્કાર મને મળ્યા છે અને ભગવાન પાસે એટલું જ માગવુકે મારી ઢળતી સંધ્યાએ મારા પપ્પા જેવી તંદુરસ્તી મને તુ આપજે. મારી મમ્મીએ જિંદગીમાં ક્યારે પણ કોઈની


શ્રીમતી અંજુબેન જગદીશ ધારીઆ ના જે જે શ્રી ગોકુલેશ

અદેખાઈ કે બુરાઈ નથી કરી. હંમેશા ભગવાન પાસે અમારા સૌની સુખ, શાંતિ મળે એની પ્રાર્થના કરે છે એટલે જ આવા સરસ અને પ્રેમાળ હૃદયને મા બાપના આર્શિવાદથી જ હું આ મુકામે પહોંચ્યો છું. મારા સાસુ સસરા અત્રે હાજર છે તેમને મારે એટલું જ કહેવું છે કે જલ્પાને પ્રથમવાર જોઈ ત્યારે ગ્રહ ન મળતા હોવાથી એક વર્ષ પછી હા પાડી એ બદલ તેમને ધન્યવાદ.

મારી વાઈફ જલ્પાને મારે સ્પેશ્યિલ થેંકસ કહેવું છે કે તું હંમેશા મારી Strength રહી છે. ઘણી વખત હુ નાસીપાસ થાઉ ત્યારે વિજયભાઈની જેમ તુ મને હિંમત આપે છે. મારું Frustration તારી સમક્ષ કાઢુ છું ત્યારે તુ મને હંમેશા શાંતિથી સાંભળે છે. તારી જાતને Sacrifice કરીને Hardwork થી તુ એક મુકામ પર પહોંચી છે તેનો મને ગર્વ છે.

તા. ૧૯.૫.૨૦૦૫ના રોજ અમારે એક નન્ની પરી ભૂમિકા આવી. હવે અમારા જીવનમાં વસંત આવી. આજે એમને બે મિનીટથી વધારે બોલવા કહ્યું અને કહ્યું કે પપ્પા તમને આજ પછી બોલવા નહીં મળે.

ખરેખર જેઓએ પણ મને લાઈફમાં મદદ કરી છે તેઓ મારા જીવનમાં વૃક્ષનાં Roots એટલે કે મૂળિયા બન્યા છો. તમારા વગર આ વૃક્ષને પાનખર લાગી ગઈ હોત.

છેલ્લે જ્યારે પણ હુ મારી વાહ વાહ સાંભળીને હવામાં ઉડવાની કોશિશ કરું છું ત્યારે આ પંકિતઓને ગુનગાન કરીને મારા પગ ધરતી પર લાવવાની કોશિશ કરુ છું. આ પંક્તિઓ એટલે

**કલ કોઈ મુઝકો યાદ કરે**
**મસરૂફ જમાના મેરે લિએ**
**કયું વક્ત અપના બરબાદ કરે**

આપ સૌએ મને શાંતિથી સાંભળ્યો એ બદલ આપ સૌનો આભાર.

**કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)**

તા. ક. : સમયના અભાવે ત્યાં તેમનું ભાષણ રજુ ન થતા આ ભાષણ જ્યોતિપુંજના માધ્યમથી રજુ કરવામાં આવ્યું છે. ❖❖❖

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થાય છે. આ સુવર્ણ જયંતિ નિમિત્તે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં **શ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખ (કુવાવાળા)** મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે મ્યુઝીકલ ઓર્કેસ્ટ્રાનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો છે.

**દિનાંક : રવિવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૧૮**

**સ્થળ : વાય.બી.ચવ્હાણ સભાગૃહ, સમય : સવારના ૯.૦૦ કલાકે**

કાર્યક્રમની સમાપ્તિ બાદ ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી છે.

ઉપરોક્ત પ્રસંગે સમાજના ૫૦ વર્ષની કારકિર્દીનો ઈતિહાસ તેમજ વિવિધ સમાજોપયોગી પ્રવૃત્તિઓનો ચિતાર દર્શાવતી એક સુવેનિયરનું પ્રકાશન કરવામાં આવશે. આ સુવેનિયરમા જાહેરાતો લેવામાં આવશે, જેના દર નિચે મુજબ રાખવામાં આવ્યાં છે.

| | | |
|---|---|---|
| 1. | Back Cover Page | 50,000/- |
| 2. | Third Cover Page | 30,000/- |
| 3. | Inside Full Page | 12,500/- |
| 4. | Inside Half Page | 7,500/- |

આ સુવેનિયરમાં જાહેરાત આપવા ઈચ્છુક ભાઈઓએ સંપર્ક સાધવા વિનંતી :

| | | | |
|---|---|---|---|
| ૧) | શ્રી વ્રજેશ નવનીતલાલ દેસાઈ | - સંયોજક | - ૯૮૨૦૦૩૯૩૦૪ |
| ૨) | શ્રી રાજુલ મોહનલાલ પરીખ (લાઈ) | - મંત્રી | - ૯૮૨૧૧૪૪૪૩૫ |
| ૩) | શ્રી નીતિન જયંતીલાલ પરીખ (બખલી) | - | ૯૮૨૧૦૩૯૦૮૭ |

**પ્રમુખ :શ્રી રાજેન્દ્ર કીર્તનલાલ દેસાઈ**

---

## શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ

## શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ

# અનુકરણીય દાન

**સખાવતી દાતાશ્રી તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી :**

૧. શ્રીમતી કલ્પાનાબેન દિલીપભાઈ ધારિયા (મુછારી) રૂા. ૧,૦૦,૦૦૦/-

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારનો આભાર વ્યક્ત કરે છે અને તેમા સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુ પ્રાર્થના કરે છે.

**કારોબારી સમિતિ વતિ માનદ્ મંત્રીઓ**

।। શ્રી ગોકુલેશો જયતિ।।

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

## આવ્યો રે મહાઓચ્છવ

બાલાસિનોરના પ્રિય વૈષ્ણવો સર્વેને જય જય શ્રી ગોકુલેશ

ઉપરોક્ત સમાજ આયોજીત શ્રી ગોકુલેશ પ્રભુનાં પુનિત પ્રાકટયનો ઉત્સવ આ વર્ષે પણ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

**સંવત ૨૦૭૪ના માગસર સુદી ૭ ને રવિવાર તા. ૨૬.૧૧.૨૦૧૭ના રોજ ઉત્સવ ઉજવવામાં આવશે.**

આ ઉત્સવના મનોરથી બનવાનું સદભાગ્ય પ.ભ. **શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારિયા (લાલખા)** તથા તેમના સુપુત્રો **શ્રી રાકેશ તથા શ્રી સૌમિલને** પ્રાપ્ત થયું છે.

રવિવાર તા. ૨૬મી નવ્હેમ્બર ૨૦૧૭ના દિવસે સવારે ૮.૩૦ કલાકે મનોરથીના નિવાસ્થાન ૪/૨૧, પ્રકાશ નં.-૧ રીજ રોડ, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦૦૦૬ મુકામે સમાજ બેસસે અને ત્યાં શ્રી ગોકુલેશ પ્રભુનાં પુનિત પ્રાકટયનો મહોચ્છવ ધૂમધામથી ઉજવવામાં આવશે. (રવિવાર હોવાથી સમયમાં ફેરફાર કર્યો છે.)

તેજ દિવસે સવારે ૧૧.૦૦ કલાકે સત્સંગ મંડળની રુમ સીક્કાનગર, સ્ત્રી મંડળ સ્કૂલ, ૨જે માળે, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪થી કળશનો વરઘોડો નીકળી લાડ વાડી જશે. વાડીમાં શ્રી મહાઓચ્છવના પુરસ્કૃત દાતા શ્રીમતી તારાબેન રમણલાલ મોદી (ચોધરી)ના કુટુંબીજનો તેમજ મનોરથી દાતા શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારિયા (લાલખા) તથા તેમના સુપુત્રો શ્રી રાકેશ તથા શ્રી સૌમિલ અને તેમના કુટુંબીજનોનું સન્માન સમાજ તરફથી કરવામાં આવશે.

### ભાવભીનું આમંત્રણ

તે દિવસે વાડીમાં બાલાસિનોરના મુંબઈ તેમજ પરામાં વસતા દશાનિમા વૈષ્ણવોને સહ પરિવાર બપોરે ૧૨.૩૦ કલાકે પ્રસાદ ગ્રહણ હેતુ પધારવા અમારું ભાવભર્યું આમંત્રણ છે.

તો આ શુભ પ્રસંગે આપ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રસાદ લેવા પધારી શોભામાં અભિવૃદ્ધિ કરશો.

**લિ.**

**શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારિયા (લાલખા) મનોરથી**

**શ્રીમતી તારાબેન રમણલાલ મોદી (ચોધરી) પુરસ્કૃત દાતા**

**શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ વતી**

**શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર) (પ્રમુખ)**

**શ્રી જાસ્મીન બીપીન શેઠ (મંત્રી)**

**તેમજ કારોબારી સમિતિનાં સર્વે સભ્યોનાં જય જય શ્રી ગોકુલેશ**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**દાતાશ્રીઓનો સન્માન સમારંભ તથા નવનિર્મિત સુપર સ્પેશ્યાલીટી સેન્ટરના મકાનનું વાસ્તુ પુજન**

બાલાસિનોર ખાતે કે.એમ.જી.જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં નવનિર્મિત કમળાબેન શાંતીલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરના મકાનનું વાસ્તુ પુજન તા. ૨૨.૨.૨૦૧૮ ગુરુવારે કરવામાં આવશે. તા. ૨૩.૨.૨૦૧૮ શુક્રવારે દર વર્ષની જેમ ટ્રસ્ટના સખાવતી દાતાઓનો સન્માન સમારંભ યોજવામાં આવશે. તા. ૨૩.૨.૨૦૧૮ શુક્રવારે સુપર સ્પેશ્યાલીટી સેન્ટરનું ઉદ્‌ઘાટન પણ કરવામાં આવશે. આ પ્રસંગે બાલાસિનોર ના તમામ નગરજનોને તથા મુંબઈવાસીઓને પ્રેમભર્યું આમંત્રણ છે.

| પ્રમુખ | મંત્રીઓ |
|---|---|
| શ્રી વસંત શા. પરીખ | શ્રી નીતિન પરીખ, શ્રી પરેશ પરીખ |

## મેડીકલેઈમ યોજના માટે મળેલ દાન

**શ્રીમતી નીના હરેશ પરીખ (ભગત) હસ્તે હરીશ ચીમનલાલ પરીખ (ભગત) રૂા. ૫૧,૦૦૦/-**

# કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પીટલ ટ્રસ્ટ

## કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશીયાલીટી સેન્ટર

ઉપરોક્ત સુપર સ્પેશીયાલીટી સેન્ટરનું કાર્ય હવે પૂર્ણતાને આરે આવ્યું છે. આ ભગીરથ કાર્યની પૂર્ણાહુતિ પ્રસંગે બાલાસિનોર મુકામે વાસ્તુપુજન તથા ઉદઘાટન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. જેની વિગત નીચે મુજબ આપવામાં આવી છે.

**વાસ્તુ પૂજન : પ્રમુખ શ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખ (કુવાવાળા) તથા તેમના ધર્મપત્નિ વાસ્તુ પૂજનની વિધિ સંપન્ન કરશે.**

**દિનાંક : ગુરુવાર, તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૮ સમય : સવારના ૧૧.૦૦ કલાકે**

**સ્થળ : કે.એમ.જી. હોસ્પિટલ, શશિકાંત મોહનલાલ ધારીઆ (કુણીવાલા) કેમ્પસ**

**ઉદ્દઘાટન સમારંભ : દિનાંક : શુક્રવાર, તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૮**

**સમય : સવારના ૯.૩૦ કલાકે**

**સ્થળ : કે.એમ.જી. હોસ્પિટલ, શશિકાંત મોહનલાલ ધારીઆ (કુણીવાલા) કેમ્પસ**

અમને જણાવતાં આનંદ થાય છે કે મુંબઈના જાણીતા ઉદ્યોગપતિ ડૉ. શ્રી મોહનભાઈ પટેલ આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેવા માટે સંમતિ આપી છે. આજના કાર્યક્રમને આત્મનિર્ભર બનાવવા માટે આ પ્રસંગે એક સુવેનિયરનું પ્રકાશન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મર્યાદિત સંખ્યામાં જાહેરાત લેવાની છે. જેના દર નીચે મુજબ છે.

| | |
|---|---|
| **૪ થું કવર પેજ આખું** | **રૂા. ૫૦,૦૦૦/-** |
| **૩ જુ કવર પેજ આખું** | **રૂા. ૨૫,૦૦૦/-** |

જાહેરાત આપવા માટે નીચે મુજબ સભ્યોનો સંપર્ક સાધવા વિનંતી છે.

૧) શ્રી અનીશ સુરેન્દ્રભાઈ ગાંધી - ૯૮૨૧૧૨૫૫૮૦

૨) શ્રી નિમિષ મનહરલાલ કડકીઆ (મલમ) - ૯૮૧૯૪૩૭૩૨૧

---

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ)માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.

**(૧) તરૂલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વરોગ નિદાન કેમ્પ :** તા. ૨૮ તથા ૨૯ ઓગષ્ટ ૨૦૧૭ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૫૨૯ દર્દીઓએ લાભ લીધેલ તે પૈકી જરૂરીયાતવાળા ૨૭૫ દર્દીઓને રૂા. ૬૦૬૭૫/-ની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં વિવિધ વિભાગોના નિષ્ણાંત ડૉક્ટરોની સેવાઓનો લાભ દર્દીઓને મળેલ.

**(૨) ઈકો કેમ્પ :** તા. ૧.૧૦.૨૦૧૭ના રોજ યોજવાાં આવેલ. કુલ ૩૨ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

**(૩) છારી કાઢવાનો કેમ્પ :** તા. ૧૩.૧૦.૨૦૧૭ના રોજ યોજવામાં આવેલ. કુલ ૨૭ દર્દીઓની આંખમાંથી રાહત દરેક છારી કાઢવામાં આવેલ.

**હોસ્પિટલમાં એપ્રીલ ૧ ૭મી સ્પેટમ્બર ૨ ૦ ૧ ૭ના માસ દરમ્યાન નીચેના વિવિધ વિભાગોના લાભ લીધેલ દર્દીઓ.**

| | | | |
|---|---|---|---|
| ૧. | મોજીલાલ છોટાલાલ ધારીઆ | ફીજીયોથેરાપી વિભાગ | ૩૧૮૩ |
| ૨. | રમણલાલ જેઠાલાલ કચેરીઆ | સ્કીન વિભાગ | ૧૦૧૮ |
| ૩. | શ્રીમતી ઈન્દુબેન રસિકલાલ ધારીઆ (દલાલ) | મનોચિકિત્સક વિભાગ | ૮૯૮ |
| ૪. | મણીબેન ઓચ્છવલાલ ચંદુલાલ પરીખ (બખલી) | બાળ વિભાગ | ૪૯૬ |
| ૫. | શાંતાબેન કાંતિલાલ દોશી | ઈએનટી વિભાગ | ૭૦૪ |
| ૬. | પેથોલોજી વિભાગના દર્દીઓ | ૧૦૪૯૯ | |
| ૭. | કુલ મેજર ઓપરેશનો | ૫૯૪ | |
| ૮. | કુલ માઈનોર ઓપરેશનો | ૩૯૮ | |
| ૯. | કુલ આંખના ઓપરેશનો | ૩૯૩ | |

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન :

| | | |
|---|---|---|
| ૧. | દીપક કાંતીલાલ દોશી | રૂા. ૧૦૦૦૦૦/- |
| ૨. | કલ્પાનાબેન કાર્તીકભાઈ કડકીઆ | રૂા. ૩૧,૦૦૦/- |
| ૩. | સ્વ. મીનાક્ષીબેન જયંતકુમાર પરીખ હઃ જયંતકુમાર ચંદુલાલ પરીખ | રૂા. ૫,૦૦૦/- |

**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ માનદ્ મંત્રીઓ**

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

ઉપરોક્ત મંડળની ૬૬મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૯.૯.૨૦૧૭ શુક્રવારે મળી હતી. જેમાં ૬૫મી વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન, મંડળ તથા શાળાઓનો અહેવાલ, મંડળ તથા શાળાઓના ઓડીટેડ હિસાબો મંજૂર કરવામાં આવ્યાં હતાં. જે એમ.એસ.એન્ડ કાં. ચાર્ટડ એકાઉન્ટસ્‌ની કોઈપણ જાતનાં માનધન લીધાં વગર વાર્ષિક ઓડીટર્સ તરીકે નિમણુંક કરવામાં આવી હતી. નીચે મુજબના સભ્યો બીન હરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યાં હતાં.

શ્રી મણીકાંત છોટાલાલ કડકીઆ, શ્રી ચંદ્રકાન્ત ચીમનલાલ દેસાઈ, શ્રી જીગર મણીકાંત કડકીઆ, શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી, રંજનભાઈ ઓચ્છવલાલ પરીખ. પ્રમુખ માટે શ્રી પ્રવીણ સાંકરલાલ દેસાઈએ ફોર્મ પાછું ખેચ્યું હતું. જેમની જગ્યાએ વાર્ષિક સામાન્ય સભાએ ઠરાવ કરીને શ્રી ચંદ્રકાન્ત ચીમનલાલ દેસાઈની પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરી હતી. ચૂંટણી પંચના અધ્યક્ષ તરીકે શ્રી ભાવેશભાઈ બીપીનભાઈ મોદીએ સેવા આપી હતી. ત્રણ વર્ષ માટે શ્રી રાજેન્દ્ર કીર્તનલાલ દેસાઈ, શ્રી સુધીર ચીમનલાલ ધારીઆ તથા શ્રી દીનેશ પૂનમચંદ શાહ ટ્રસ્ટી (માનદ્) નીમણુંક કરવામાં આવી હતી. ઉપર મુજબના બધો ઠરાવ પસાર કરવામાં આવ્યાં હતાં. પ્રમુખ શ્રી પ્રવીણ સાં. દેસાઈએ નિવૃત્ત થતાં હોવાથી પોતાની મંડળ તથા મંડળના સભ્યો સાથેની વિતેલા વર્ષોની રૂપરેખા રજૂ કરી હતી. શ્રી પ્રવીણભાઈ દેસાઈનું મોમેન્ટો તથા શાલ આપી સન્માન કરવામાં આવ્યું હતું. મોમેન્ટો શ્રી પ્રવીણભાઈ ઓ. દેસાઈ (દેડકી)ના હાથે તથા શાલ શ્રી પ્રફુલ્લભાઈઓ શેઠ હસ્તે આપવામાં આવ્યાં હતાં.

**મંત્રીઓ - શ્રી જતીન દેસાઈ, શ્રી નીતીન દેસાઈ**

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ
## દાન માટેની અપીલ

શ્રી બાલાસિનોર કેળવણી મંડળ સંચાલીત પાંચે શાળાઓને રંગ તથા રીપેર્સ હવે થઈ ગયાં છે. કેળવણી ક્ષેત્રે આગળ આવી રહેલાં વધારાનાં શિક્ષકોનો પગાર તથા અન્ય જરૂરીયાતોને પૂરી પાડવાં માટે એક ભંડોળ ઉભુ કરવાની આવશ્યકતા આવી છે. ઉદાર દિલના દાતાઓ પાસે અમે નીચે મુજબની સ્કીમ લઈને આવ્યાં છે. સખાવતી દાતાઓ તથા તેમના કુટુંબીજનોને વિનંતી આ માટે સાથ સહકાર આપશો.

૧. બાળમંદીરના નવા ચાર વર્ગ ખંડ પ્રત્યેક માટે
રૂા. પાંચ લાખ પૂરા
૨. બાળમંદીરના નવા ચાર વર્ગના પ્રત્યેક સાધન દાન માટે
રૂા. બે લાખ પચાસ હજાર પૂરા
૩. બાળમંદીરના ચાર વર્ગના બે વીંગ માટે પ્રત્યેક
રૂા. પાંચ લાખ પૂરા
૪. Education Paritoshak 6 to 10 Girls
રૂા. પાંચ લાખ પૂરા
૫. Education Paritoshak 6 to 10 Boys
રૂા. પાંચ લાખ પૂરા
૬. Education Paritoshak 1 to 5 Girls
રૂા. પાંચ લાખ પૂરા
૭. Education Paritoshak 1 to 5 Boys
રૂા. પાંચ લાખ પૂરા
૮. એસ.એસ.સી. પારીતોષક જનરલ પ્રવાહ
રૂા. પાંચ લાખ પૂરા
૯. એસ.એસ.સી. પારીતોષક વિજ્ઞાન પ્રવાહ
રૂા. પાંચ લાખ પૂરા
૧૦. આ ઉપરાંત ત્રણે શાળાનાં કેમ્પસનાં નામકરણ માટે
રૂા. પચ્ચીસ લાખ પૂરાં

**મંત્રીઓ - જતીન ન. દેસાઈ, નીતન ન. દેસાઈ**

# આરઝુ શ્રીનાથજીને

- પ્રવીણા કડકીઆ

અંતર્યામી હૃદયના સ્વામી સાદ પાડી બોલાવોને
સાદ સુણવા વ્યાકુળતાથી વાટ તમારી નિરખું રે
તમે બિરાજ્યા હૃદય સિંહાસને કદી ન માન માગ્યું રે
શાને મુજને તડપાવો છો વાટ તમારી નિરખું રે
અંધારે અટવાતા જગમાં પ્રકાશ રેલાવી સંભાળો ને
અનજાણી વાટે સરતાં શ્રીજી હાથ ઝાલી લેજો રે
હું તમારી તમે છો મારા વાત સ્નેહે સ્વિકારોને
દાસીને અળગી ન કરશો આરઝુ તેની સુણજો રે

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

૧. **મેહુલ ચંદ્રકાન્તભાઈ પરીખ**
ફલેટ નંબર-૩૦૩, ત્રીજે માળે,
ડી-વિંગ, શીવ મંથન કો.ઓ.હા. સોસાયટી,
ચિંચોલી બંદર રોડ, મલાડ (વે), મુંબઈ - ૬૪
**મેહુલ - ૮૮૨૮૯૫૭૮૪૮**
**ચિંતન - ૯૮૭૦૬૪૮૯૬૩**

### મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ❖ અતુલ નટવરલાલ ગાંધી | ૬૩ |
| ❖ મુકેશ કાન્તીલાલ શાહ | ૬૫ |
| ❖ યોગેશ કાન્તીલાલ પરીખ (રાઠોડીયા) | ૭૧ |
| ❖ નિતિન વલ્લભદાસ પરીખ (રાઠોડીયા) | ૬૫ |
| ❖ મનોજકુમાર નવનીતલાલ કડકીઆ (ફાડીયા) | ૭૧ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

### જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતું હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે અલ્પેશ ધારીઆ - Bharat Asbestos & Rubber Co. ૧૩૭, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ગ્રાઉન્ડ ફ્લોર, મુંબઈ - ૪૦૦૦૦૩, મોબાઈલ નંબર - ૯૮૨૧૧૧૦૭૪૭ / ૯૮૩૩૮૬૭૬૦૧. Email : aydhari@gmail.com ને મોકવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

**મંત્રી - ભાવેશ મોદી      સંયોજક - અલ્પેશ ધારીઆ**